ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૧૦-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

ગુજરાતી અસ્મિતાના ઘેઘૂર વડલાની શતાબ્દી વંદના

ગુજરાતી સાહિત્યમાં માતબર પ્રદાન કરવાની સાથે જ શિક્ષણ, ખેતી, ગ્રામોદ્ધાર અને ગાંધીવિચાર પ્રેરિત રચનાત્મક પ્રવૃત્તિમાં આજીવન સક્રિય રહેનાર મહાન સર્જક મનુભાઇ રાજારામ પંચોળી 'દર્શક'ની શતાબ્દી તિથિ નિમિત્તે એમનું સ્મરણ ન કરીએ તો નગુણા જ ગણાઇએ. કેટલીક વખત આપણને આપણા સમયના મહાપુરૂષો એમની હયાતીમાં પૂરા 'દેખાતા' જ નથી હોતા. એમના મૃત્યુ પછી એ વધુને વધુ પ્રાસંગિક બનતા જાય છે અને ક્યારેક તો યુગપુરૂષ તરીકે પૂજાય છે. મનુભાઇ પંચોળીએ એમના જીવનકાળ દરમિયાન એકી સાથે અનેક પ્રવૃત્તિઓ આદરીને આખી સંસ્થા જેવું માતબર પ્રદાન કર્યું છે. 'ઝેર તો પીધાં જાણી જાણી' એ આપણા સાહિત્યની મહાનવલ છે. 'સરસ્વતીચંદ્ર'ના સર્જકે કલ્યાણગ્રામની કલ્પના આપી હતી. દર્શકે એમાં ગાંધીવિચારનો પુટ ઉમેરીને ગોપાળ બાપાની વાડી જેવું ધરાતળ પરનું સર્વોદય સંકુલ રચી આપ્યું છે. એમણે દેશના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ પર '૧૮૫૭' શીર્ષક હેઠળ નાટક આપ્યું છે તો 'બંધન અને મુક્તિ' તથા 'દીપનિર્વાણ' જેવી નવલકથાઓ પણ આપી છે. દર્શકના સર્જનફલનું ગુરૂ શિખર છે 'સોક્રેટીસ' અને મહાભારત પર આધારિત 'કુરૂક્ષેત્ર'. 'કુરૂક્ષેત્ર' નવલકતા માટે એમને બિરલા ફાઉન્ડેશનનું 'સરસ્વતી સમ્માન' અને 'ઝેરનાં પીધા છે -' માટે એમણે ભારતીય જ્ઞાનપીઠનો 'મૂર્તિદેવી પુરસ્કાર' પ્રાપ્ત થયો હતો. 'સોક્રેટીસ' જેવી વિદેશી ભૂમિકાની નવલકથાનો તંતુ આપણા ગાંધી વિચાર સુધી લંબાય છે. દર્શકે 'પરિત્રાણ' નામે મહાભારત આધારિત નાટક પણ આપ્યું છે. ગુજરાતી સાહિત્યમાં નવલકથાનાં ચાર શિખરો છે. પહેલું ગોવર્ધનરામ, બીજું મુનશી, ત્રીજું પન્નાલાલ અને ચોથું દર્શક. પરંતુ દર્શક બહુ આયામી વિભૂતિ છે. એમણે નાનાભાઇ ભટ્ટનો દક્ષિણામૂર્તિ - આંબલાં - લોકભારતીનો વિદ્યાવારસો દીપાવ્યો અને વિકસાવ્યો છે તો બીજી તરફ 'લોક-વન' જેવી ઘઉંની આધુનિક પ્રજાતિ પણ એમની જ રાહબરી હેઠળ લોકભારતીનો વિદ્યાવારસો દીપાવ્યો અને વિકસાવ્યો છે તો બીજી તરફ 'લોક-વન' જેવી ઘઉંની આધુનિક પ્રજાતિ પણ એમની જ રાબહરી હેઠળ લોકભારતીનાં ખેતરોમાં ખીલી છે. દર્શક ગુજરાત વિદ્યાપીઠના આજીવન ટ્રસ્ટી રહ્યા, ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે યાદગાર સેવાઓ આપી. એમના જ કાર્યકાળ દરમિયાન ગુજરાત સાહિત્ય અકાદમીને સ્વાયત્તતાં સાંપડી. દર્શક ઉત્તમ વિચારક હતા, પ્રગલ્ભ ઇતિહાસવિદ્ હતા અને પ્રકાંડ લોકશિક્ષક હતા. 'સદ્‌ભિઃ સંગઃ' જેવા ચિંતન નિબંધો કે 'વાગ્શ્વરીનાં કર્ણ ફૂલો' જેવા જરા હટકે-વિવેચન સંગ્રહ વાંચનારને દર્શકની બહુ આયામી પ્રતિભાનો સહેજે અંદાજ આવશે. હિતેન્દ્ર દેસાઇની સરકારમાં દર્શક થોડા સમય પૂરતા ગુજરાતના શિક્ષણમંત્રી પણ રહ્યા હતા, તે જ શું સૂચક નથી? સાહિત્યકાર એટલે વિદ્યાભવનોમાં પુરાઇ રહી કલ્પનાનાં મેઘધનુષ રચનારો કોઇ જુદી જ દુનિયાનો માણસ - એવી રૂઢ કલ્પનાને એમણે પ્રજા વચ્ચે પલાંઠી વાળીને બેઠએલા બુનિયાદી કેળવણીના આચાર્ય અને તળ ધરતીમાં ઘરબાયેલા જણ લેખે ખોટી પાડી છે. દર્શકના દેહવિલય પ્રસંગે તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે રાજય સરકાર તરફથી એમને શ્રદ્ધાંજલિ પાઠવવા તાબડતોબ તત્કાલીન શિક્ષણમંત્રી શ્રી મહેન્દ્ર ત્રિવેદી અને ગ્રંથનિર્માણ બોર્ડના અધ્યક્ષ ડો. કેશુભાઇ દેસાઇને હેલિકોપ્ટરની વ્યવસ્થા કરી લોકભારતી-સણોસરા મોકલાવી આપેલા. આવા ધરાગુર્જરીના પનોતા સપૂતની શતાબ્દી વંદના દરેક ગુજરાતીની ફરજ બની રહેવી જોઇએ. 'સોક્રેટીસ' જેવી કાળજયી કૃતિ આપી દર્શકે ગુજરાત અને ગુજરાતીઓ પર અનહદ ઉપકાર ચડાવ્યો છે. કલ્યરલ ફોરમ આજે એમની એ શ્રેષ્ઠ નવલ પર આધારિત નાટકનું મંચન કરનાર છે, અને ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ગુજરાતી ભાષાના પ્રતિનિધિ સાહિત્યકારો - વિવેચકોની ઉપસ્થિતિમાં ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ 'દર્શકનું દર્શન' વિષય પર પરિસંવાદ યોજાઇ રહ્યો છે, તે આવકારદાયક ઘટનાઓ છે. અકાદમીના મહાપાત્ર શ્રી ચેતન શુક્લ અને રાજય સરકારનો સંસ્કૃતિ વિભાગ એ બદલ અભિનંદનને પાત્ર છે. દર્શક હજુ આવનારાં વર્ષો દરમિયાન વધુને વધુ પ્રાસંગિક બની રહેવાના છે, એમાં શંકાને સ્થાન નથી. આપણા એ ઘેઘૂર વડલાને કોટિ કોટિ વંદન.

પ્રિ-આરડી કેમ્પમાં નગરના ચાર વિદ્યાર્થીની પસંદગી



ગાંધીનગર, તા. ૧૪

આંધ્રપ્રદેશના રાજમદુરી ખાતે પ્રિ.આરડી કેમ્પ યોજવામાં આવશે. જેમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની ત્રણ વિદ્યાર્થીનીની પસંદગી થવા પામી છે.

સેક્ટર-૨૩માં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ એન.એસ.એસ. યુનિટની ત્રણ વિદ્યાર્થીનીઓની પ્રિ-આર.ડી. કેમ્પ માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં કિંજલ દેકાવાડિયા, ગાયત્રી પંચાલ, પ્રિયંકા પ્રજાપતિ અને એલ.ડી.આર.પી.ના આદિત્ય પટેલની પસંદગી થઈ છે. આગામી સમયમાં આંધ્રપ્રદેશના રાજમદુરી ખાતે પ્રિ-આર.ડી. કેમ્પ યોજાશે. જેમાં ગુજરાત રાજ્યના ૪૪ એન.એસ.એસ. વિદ્યાર્થીઓ સહિત અન્ય ચાર રાજ્યોના શ્રેષ્ઠ વિદ્યાર્થી ભાગ લેશે.

હરિની દૃષ્ટિ...

સાહેબ, મન મુકી તહેવારની ખરીદી કરો, જોડાની કિંમત ન જુઓ, કાલના છાપામાં જોજ લેજો ૧.૩ ટકા મોઘવારી ઘટી ગઇ છે...

શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યા બાદ મનોરંજન કરવુ જોઈએ : રેડિયો જોકી હર્ષિલ

વોક ટુ ગેધર સંસ્થા દ્વારા બાળકોને શિક્ષણ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની વોક ટુ ગેધર સંસ્થા દ્વારા સેક્ટર-૨૮ શાળા નં. ૧ અને ૨ માં વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું.

પાટનગરમાં મોટા પ્રમાણમાં સંસ્થાઓ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે. નગરમાં વસવાટ કરતા શ્રમજીવીઓના બાળકોને અનેક સંસ્થાઓ વાર-તહેવારે તિજવસ્તુઓનું વિતરણ કરતી હોય છે અને બાળકોને પ્રોત્સાહન આપતી હોય છે. શ્રમજીવીઓના બાળકો પણ અન્ય બાળકો જેવુ જ જીવન જીવે તે માટે સંસ્થાઓ મદદ કરે છે.

ગાંધીનગરની વોક ટુ ગેધર સંસ્થા દ્વારા શહેરના સેક્ટર-૨૮માં આવેલ શાળા નં. ૧ અને ૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં નોટબુક-પેન, કંપાસ સહિતની કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતા ગરબા અને શબ્દોના બોલ પકડીને રમવામાં આવતી અંતાક્ષરીની રમઝટ બોલાવી હતી.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

તેમજ કાર્યક્રમમાં ૯૩.૫ એફ.એમ.ના રેડિયો જોકી હર્ષિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને સંબોધન કરતા જણાવ્યું હતું કે જીવનમાં અભ્યાસ ઉપર વધુ મહત્વ આપવુ જોઈએ અને શાળા છોડ્યા બાદ મનોરંજન કરવુ જોઈએ. શાળાકીય જીવનનું મહત્વ વધારે હોય છે અને જો આ સમયે ગાડી પાટા ઉપરથી ઉતરી જાય તો જીવનની ગાડી ફંગોળાઈ જાય છે. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર હર્ષજીત પંડ્યા, વોક ટુ ગેધરના પ્રમુખ અભિ વલેરા, ઉપપ્રમુખ આકાશ સાલ્વી, મહામંત્રી ડૉ. શ્રેષ્ઠા પરમાર, મંત્રી આકાશ પટેલ, ખજાનચી મિરાજ પટેલ તેમજ શહેરના ડૉક્ટરો અને પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા.

ચાંદખેડામાં ભાવિ ફાર્માસિસ્ટોએ ઝાડુ પકડી સફાઈ કરી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર - સરખેજ હાઈવે પર આવેલ અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ચાંદખેડા વિસ્તારમાં સફાઈ હાથ ધરી હતી તેમજ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. ૫૦ બેટલ રક્ત એકઠું કરવામાં આવ્યું હતું.

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓએ ચાંદખેડા વિસ્તારમાં સવારે ૮.૩૦ કલાકે ન્યુ સી.જી.રોડ પર એકત્ર થયા હતા. આ કાર્યક્રમને પ્રેરણા પૂરી પાડવા માટે, સંસ્થાના ચેરમેન રિષભ જૈન, લવ જૈન તથા પ્રિન્સિપાલ ડૉ. રાગિન શાહે ઝાડુ હાથમાં લઈને સફાઈની શરૂઆત કરી હતી અને ત્યારબાદ આ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. રાગિન શાહના માર્ગદર્શન હેઠળ વિવિધ વિસ્તારોમાં ટુકડી બનાવી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાન બપોરના ૧૨ કલાક સુધી ચાલેલ હતું અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સફાઈ કાર્ય કરેલ છે. વિદ્યાર્થીઓએ પોતે પણ પોતાના ઘર, સંસ્થા, રાજ્ય તેમજ દેશની સફાઈ રાખવા માટેની પ્રતિજ્ઞા લીધી હતી.

કાર્યક્રમ બાદ ૧૨.૩૦ થી ૪ કલાક સુધી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ બ્રાંચના સહયોગથી રક્તદાન તેમજ થેલેસેમિયા ટેસ્ટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રક્તદાન શિબિરમાં લગભગ ૫૦ બોટલ જેટલું રક્તદાન કરવામાં આવ્યું હતું તેમજ ૭૧ વિદ્યાર્થીઓએ પોતાનું થેલેસેમિયા ટેસ્ટીંગ કર્યું હતું. રક્તદાન કરવા બદલ વિદ્યાર્થીઓ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેમજ સ્વચ્છ ભારત અભિયાન માટે સંસ્થાના ચેરમેન રિષભ જૈને તેમજ પ્રિન્સિપાલ ડૉ. રાગિન શાહે આભાર વ્યક્ત કર્યો હતો.

વડીલો માટે વીમા પોલિસી ભલે ન હોય સન્માન પોલિસી હોવી જોઈએ!

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

વડીલની પાસે જવાની બોખું હાસ્ય ભલે જોવા મળે પણ આપણે હરખાઈ જઈએ તેવી વાતો અવશ્ય સાંભળવા મળી જાય. વીમો હયાતી સાથે યુવાની માગે છે જયારે ઘડપણ ભોજનની સાથે સન્માન માગે છે. કોઈ ભલે યુવાનીના ગુણગાન ગાતું હોય પણ તે યુવાનીને જેમે સીંચી છે તેની ગઈ કાલની હોનહાર યુવાનીને કઈ રીતે ભૂલી શકાય? થીજી ગયેલ ઘડપણની સામેના કિનારે અનુભવથી અને સ્નેહથી સીંચાયેલું વૃદ્ધત્વ પણ હિલોળા લેતું હોય છે. તેને માગણીઓ નહિ મમતા જોઈએ છે, લાકડીની સાથે લાગણી પણ ખપે છે. હમણાં એક વડીલને મળવાનું થયું.

મેં પુછ્યું, આ ગરમી હજી પણ ઓછી થતી નથી.

વડીલે મરકતાં કહ્યું, અલ્યાં ભઈ! આ લોક પણ બધું એવું થ્યું સે કે ગરમી નો પડે તો શું થાય. એમાં લોકો શું કરે?

એ લોક શું કરે એટલે ? આ જયાં પણ જવાનું થાય તે ફટફટીયા વગર તો નેકળાતું નથી. ઝાડ દેખાય એટલે કાપવાની વાત, ઘરમાં એશી દોડાયા રાખવાનું પસી ગરમી તો પડ તો હું પડ? બોલો જો તો!

મેં કહ્યું, લોકોને કોઈએ તો સમજાવવું પડશે?

ભૈ જો લોકો ધાર તો ઘણું કરી શકે, ઘરનું ખાવાનું બનાયેલું હોય તો છોકરા મજબૂર બન. અમારા વખતે તો લગનમાં પણ એ ય લાડુ, દાળ અને ભાતની મોજ હતી.

મેં કહ્યું, પણ તેનો કોઈ ઉકેલ તો ખરો કે નહીં?

વડીલ ઉવાચ, કોઈ ઉપાય નહિ, બધાને કશું કર્યા વગર કોમ પતાવવા સે, એક વાત કરું, આ સોકરાં પડિકા બંધ કર તો કંઈ સુધારો આવ. (વેફર વગેરેનાં), મો-બાપ કશું ખાવા પીવાનું ધ્યોન નહી રાખે, પસી શું થાય - ગરમીમાં પેલા જીન્સ પેરવાનું બંધ કર તો કંઈક ફેર પડ.

પણ કાકા પડિકામાં બધું ચોખું ત ખરું ને

કાકા બોલ્યા, મેલ બધી વાતો, શું ધૂળ ચોખું, અમારા વતનમાં ઘરમાં સુખડી બને, દૂધપાક બને, મેથીના ગોટા બને, એય મોજથી ખાતા, અને નાસ્તામાં મગફળીને ઝાપટવાની.

કોઈ પણ વડીલ પાસે જઈએ એટલે બે બાબતો તમને એમ જ મળી જશે. એક તો આવકાર અને બીજું અનુભવનું ભાતું. એક વાર કોઈ માણસે કબીર સાહેબને પુછ્યું, 'મેંના ગાય છે ત્યારે આટલું મીઠું કેમ લાગે છે?' કબીર સાહેબે કહ્યું, કારણ કે મૈના છે. એ પોતાની ભૂલીને ગાય છે! બકરી 'મૈં મૈં' કરે છે એ કયાં મીઠું લાગે છે? પણ તેના ચામડાની તંબૂરાની તાંત 'તૂં તૂં તૂં તૂં' કરે છે એ કેવી મીઠી લાગે છે!

કોઈ વૃદ્ધની પાસે યુવાન ગયો ત્યારે કશુંક સંભળાવવા કહ્યું, વડીલે કહ્યું - સાંભળ બેટા! અમારા વખતમાં આનંદ વધારે અને કામ પણ વધારે. અમારે બધા કામ હાથે અને પગેથી જ કરવા પડતાં. પાણી ભરવાની શરૂ કરી બહારગામ જવાનું થાય તો કોઈ બીજ સાધનો નહિવત હતા. અમારા હાથ-પગ એ જ અમારા મિત્રો. અમારે કયારેય રાહ તો જોવી જ ન પડે. ખૂબ કામ કરીએ એટલે ઊંઘ એમ જ દોડતી આવે. ભૂખ પણ એવી લાગે કે પથરા પણ પચી જાય. આ બધા પરદેશી રોગો તો હમણાં આપણા દેશ પર આક્રમણ કરવા મંડ્યા છે. સાંજ પડે એટલે ચોકમાં જઈ બેસીએ આખા ગામનાં સારા-માઠા સમાચાર મળી જાય. ટીવીની જરૂર ખરી? દુનિયાના સમાચાર મળી જાય પણ બાજુ વાળાના કે ગામનાં સમાચાર લેવાના રહી જાય.

પછી વડીલે આગળ કહ્યું, સાંભળ! તને એક જેન બોધ દૃષ્ટાંત કહું, એક મુલાકાતીએ એક ઝેન ગુરૂને પુછ્યું, તમે કંઈ રીતે સાધના કરો છો?

ગુરૂ કહે, જયારે મને ભૂખ લાગે છે ત્યારે હું ભોજન કરું છું. જયારે થાક લાગે કહે, ત્યારે હું સુંઈ જાઉં છું.

પરંતુ એ તો સૌ કોઈ કરતા હોય છે - મુલાકાતીએ કહ્યું. ગુરૂએ ભારપૂર્વક કહ્યું, 'મોટા ભાગે લોકો જયારે ભોજન કરવા બેસે છે ત્યારે બીજી બજાર બાબતોમાં વિચાર કરતા હોય છે. જયારે સૂઈ જવાનું કહે છે ત્યારે હજારો વિચારોની દખલ એમના મનમાં ચાલતી જ હોય છે. આ જ પાયાનો ભેદ છે.'

આપણને યુવાનોની વાતોમાં ભલે રસ પડતો હોય પણ જો દમવાળી વાતો કે અનુભવ સાંભળવો હોય તો કોઈ વડીલની પાસે બેસવું પડે. જેમ કોઈ શીખાઉં દરજી પાસે જવાથી સુંદર કપડા બની નથી જતા, તેમ હજી જીવનની પગદંડી પર ચાલવાનું શીખતી યુવાપેઢી પાસે અનુભવની કમી હોવાથી તેની પાસે કોઈ ઉત્તમ કામની અપેક્ષા ન રાખી શકાય. વડીલો અનેક અગવડોની સામે જાત અનુભવે બધું શીખીને માર્ગ બનાવે રાખ્યો.

ભારત દેશ ભલે યુવાનોનો દેશ કહેવાતો પણ તેને સમયના સત્યની સામે મુકી આપનાર વડીલ માતા-પિતાને ભૂલી જઈએ તો અસહ્ય ભૂલ ગણાશે. જેણે ઓછા પગારમાં કે નિશ્ચિત આવકમાં દીકરા-દીકરીને ભણાવ્યા. સારા સંસ્કાર આપી માનસિક રીતે મજબૂત બનાવ્યાં તેને કોઇ એકદમ ભૂલી જાય તેમાં તે કેમ ચાલે. ખરેખર તો સારી નોકરી મળતાં સંતાનને નહિ પણ તેના પૂરા કુટુંબને શાબાશી આપવી જોઇએ. આપણા વડાપ્રધાન ભલે યુવાનોને પોરસ ચડાવતાં કે આપણે દેશ સૌથી વધુ યુવાન છે. પણ હકીકત તો એ છે કે તેને ત્યાં સુધી સફળતાપૂર્વક લઇ જનાર માતાપિતાનો સિંહ ફાળો છે તે ભૂલવું ન જોઇએ.

આજની ભાગતી પ્રજાની સામે છેડે કોઇ વડીલ બિલકુલ નિશ્ચિત થઇ ગીતો ગાતા બેસે તો તેમને શું કહીશું? જીવનની નાવ જેણે ખૂબ ભગાવી છે તેણે હવે નાવને કિનારે નાંગરવાની છે. શ્વાસને જરા થંભાવવાનો છે. આવતીકાલની વાત હવે નહીં હવે આવનારી કાલની વાતને વિશે વિચારવાનું છે.

એક શ્રીમંત વેપારીએ સાધુ સેંગાઈને પોતાના પરિવારનું શુભ મંગલ થાય માટે બોધરૂપ એક મંત્ર સૂક્તિની યાચના કરી. સેંગાઈએ લખ્યું, 'દાદો મરે છે, બાપ મરે છે, દીકરો મરે છે!'

આ વાંચી વેપારી ખિજાયો. 'મારા કુટુંબના કલ્યાણ અર્થે આવી અમંગળ - અપશુકનિયાળ મંત્રસૂક્તિઓ આપ આલેખો તે એવું કહેવાય?'

સેંગાઇએ જવાબ દીધો : 'ભલા જીવ, આ મંત્ર અશુભ આગાહીનો નથી. સમજે તો તારા પરમ સૌભાગ્યનો સૂક્તિસંકેત છે. દાદો મરે, બાપ મરે અને પછી દીકરો મરે એવું મંગળ આલેખ્યું તેનું તાત્પર્ય એ છે કે મરણ તો નિશ્ચિત છે જે. પણ તારા કુટુંબનો દરેક સભ્ય દાદો થઈને મરે અને બાપ પહેલાં પુત્ર કદાપિ ન મરે!'

નેટ માટે ઓનલાઈન નોંધણી આજથી થશે : ભારે ઉત્સાહ

૨૮મી ડિસેમ્બર ૨૦૧૪ અને રવિવારના દિવસે પરીક્ષા

અમદાવાદ, તા.૧૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા નેશનલ એલીજીબીલીટી ટેસ્ટની પરીક્ષા ૨૮ ડિસેમ્બર ૨૦૧૪ અને રવિવારના દિવસે લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ માટે સીબીએસઈ દ્વારા નોટીફીકેશન જાહેર કરવામાં આવ્યું છે. જે મુજબ આવતીકાલથી આ પરીક્ષા માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ થઈ જશે. ઉમેદવારો ૧૫ નવેમ્બર ૨૦૧૪ સુધી પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દર વર્ષે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા લેવામાં આવતી નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (એનઈટી)ની પરીક્ષા આ વખતે પ્રથમ વખત સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા લેવામાં આવ્યું છે. પરીક્ષાનું આયોજન સારી રીતે થઈ શકે તે માટે આ વખતે યુજીસી દ્વારા આ વર્ષે નેટને સીબીએસઈના આઉટસોર્સથી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જો કે નેટની પરીક્ષાના પ્રશ્નપત્રો તૈયાર કરવામાં યુજીસીના નિષ્ણાંતો સીબીએસઈને માર્ગદર્શન પુરુ પાડશે. આ પરીક્ષા લેવા માટે તૈયારીઓ સીબીએસઈ દ્વારા કરી લેવામાં આવી છે. સીબીએસઈ દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીફીકેશન મુજબ આ વર્ષે નેટની પરીક્ષા ૨૮ ડિસેમ્બર ૨૦૧૪ને રવિવારના રોજ લેવામાં આવશે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો આવતીકાલથી સીબીએસઈની વેબસાઈટ ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. સીબીએસઈ દ્વારા ૭૯ વિષયમાં સમગ્ર દેશમાં સરેરાશ ૮૭ નેટ કોર્ડિનેટીંગ ઈન્સ્ટિટ્યુટમાં નેટની પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ આપવા માટે ઉમેદવારે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ઓછામાં ઓછા ૫૫ ટકા માર્ક મેળવેલા હોવા જોઈએ. ઉલ્લેખનીય છે કે સીબીએસઈ દ્વારા આ પહેલા જેઈઈ-મેન, એસઆઈપીએમટી, સીટીઈટી જેથી પરીક્ષાઓનું સફળ રીતે આયોજન કરવામાં આવી ચુક્યું છે ત્યારે હવે નેટની પરીક્ષાનું પણ આયોજન સારી રીતે થાય તે માટે ચાલુ વર્ષે સંચાલન સીબીએસઈને સોંપવામાં આવ્યું છે.

ઓઢવની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની આત્મહત્યા

અમદાવાદ, તા.૧૪

ભણતરના ભારના કારણે વધુ એક નિર્દોષ બાળકનો ભોગ લેવાયો હોવાની ઘટના સામે આવી છે. એક વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થતાં શાળામાં ઠપકો મળ્યો હતો. જેનાથી ડઘાઈ ગયેલા વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટના સામે આવતા જ સરકારના ભાર વિનાના ભણતરના દાવાની ફરી એકવાર પોલ ખુલી જવા પામી છે.

ગિરનાર અને ગીર એક્સપિડીશન-૨૦૧૪ નું આયોજન

યુથ હોસ્ટેલ્સ એસો. ઓફ. ઈન્ડિયાની રાજ્ય શાખા દ્વારા આગામી તા. ૨૧ નવેમ્બરથી ગિરનારના દુર્ગમ પહાડી વિસ્તાર તથા સાસણ (ગીર)ને આવરી લેતો ટ્રેકીંગ કાર્યક્રમ યોજાશે. ૫ દિવસ અને ૫ રાત્રીના આ કાર્યક્રમમાં ગિરનારમાં ટ્રેકીંગ, પર્વત ઉપર રાત્રી રોકાણ, જૂનાગઢના પુરાતન સ્થળોની મુલાકાત, જંગલ પરિભ્રમણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, પક્ષી દર્શન તથા સાસણ (ગીર) ખાતે રાત્રી રોકાણ, નેશનલ પાર્ક અને દેવળીયા પાર્કમાં સફારી, સિંહ દર્શન, ગીરની સંસ્કૃતિનો પરિચય જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં દેશભરમાંથી યુવાનો ભાગ લેનાર છે. વધુ વિગતો માટે કાર્યક્રમના ફિલ્ડ ડાયરેક્ટર ચૈતન્ય નિમાવત મો. નં. ૯૪૨૬૪૦૧૭૦૧ અથવા સંસ્થાના મા. મંત્રી જે.બી. સાધુનો ૯૮૯૮૫૯૦૬૭૫ નો સંપર્ક સાધવા જણાવાયું છે.

અમદાવાદ ખાતે શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા યોજાશે

ગુજરાતી ભાષાના આદ્ય કવિ નરસિંહ મહેતાની ૬૦૦મી જન્મ જયંતિ વર્ષ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા યોજવામાં આવશે. ગુજરાતી સાહિત્ય પરિષદ રા.વિ. પાઠક સભાગૃહ અમદાવાદ ખાતે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવત્તિઓ વિભાગના સચિવ ભાગ્યેશ જહાના પ્રમુખસ્થાને તા. ૧૯ રવિવારે સાંજે ૫.૦૦ વાગે શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા યોજવામાં આવશે. તેમજ નરસિંહ મહેતાની ૬૦૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, નરસિંહ મહેતાની કાવ્ય સૃષ્ટિ પર કવિ જવાહર બક્ષી વક્તવ્ય આપશે. તેમ સાહિત્ય અકાદમીના મહામાત્ર ચેતન શુક્લએ જણાવ્યું છે.